# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૦/૦૫/૨૦૧૮

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **“સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન”માં લોક ભાગીદારીને બિરદાવતા માનનીય શ્રી આઈ.કે. જાડેજા સાહેબ.**
- **શ્રી આઈ.કે. જાડેજા સાહેબે “સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન” અંતર્ગત પૂર્ણ થયેલા કામોની વિસ્તૃત માહિતી આપી.**
- **“સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન” અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ચાલતા તાપી નદી શુધ્ધિકરણની કામગીરીની મુલાકાત લેતા શ્રી આઈ.કે. જાડેજા સાહેબ.**
- **કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી બોરીબંધને સમજ્યા વગર વાહિયાત નિવેદનો કરી પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

''સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા વોટર વર્કસ ખાતે ચાલતા તાપી નદી શુધ્ધિકરણની કામગીરીની મુલાકાત લીધા બાદ ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશના વરીષ્ઠ નેતા માનનીય શ્રી આઈ.કે. જાડેજા સાહેબે ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે પત્રકાર પરીષદને સંબોધી હતી. શ્રી આઈ.કે. જાડેજાએ ''સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન''માં લોક ભાગીદારીને બિરદાવી હતી તેમજ સુરત શહેર અને જીલ્લામાં ''સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન'' અંતર્ગત પૂર્ણ થયેલા કામોની વિસ્તૃત માહિતી આપી હતી.

માનનીય શ્રી આઈ.કે. જાડેજા સાહેબે જણાવ્યું હતું કે સુજલામ્ સુફલામ્ના ભગીરથ જળ સંચય અભિયાનથી દેશને નવી દિશા મળશે. ૧ મે થી સતત એક માસ દરમ્યાન રાજ્યભરમાં યોજાનારી આ જળક્રાંતિના અભિયાનમાં રાજ્ય સરકારની સાથે સાથે ગુજરાતનો પ્રત્યેક નાગરીક ખભે ખભા મિલાવી ગામે ગામના તળાવો, ચેક ડેમો, નદીઓ અને નહેરોને ઉંડી ઉતારવાના કાર્યમાં સહયોગ આપવા સંકલ્પબધ્ધ બને તેવો અનુરોધ કર્યો હતો. આ જળ સંચયના કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ઈરીગેશન, નર્મદા વિભાગ, વન વિભાગ, ગ્રામીણ વિભાગ તેમજ જે તે સંબંધિત વિભાગને ''સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન'' અંતર્ગત જે કામ સોંપવામાં આવ્યું છે તે કામ દરેક વિભાગ ખૂબ જ સારી રીતે કરી સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે.

ભાવિ પેઢીને સમૃધ્ધ જળ વારસો મળી રહે તે માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જળ સંચય માટે વર્ષ ૨૦૦૧માં જ ચાર લાખ ચેક ડેમોનું નિર્માણ કરીને દિર્ઘદ્રષ્ટ્રિ પૂર્ણ જળ અભિયાનનો પાયો નાખ્યો હતો જેને આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં વર્તમાન સરકાર આગળ ધપાવી રહી છે.

શ્રી આઈ.કે. જાડેજા સાહેબે વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી બોરીબંધને સમજ્યા વગર વાહિયાત નિવેદનો કરી પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. બોરીબંધ શું છે ? અથવા બોરીબંધ કોને કહેવાય ? તેની તેઓને ખબર નથી.

પત્રકાર પરીષદ બાદ માનનીય શ્રી આઈ.કે. જાડેજા સાહેબે ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે સાંજે ૬:૩૦ કલાકે સુરત શહેરના હોદ્દેદારશ્રીઓ, મુખ્ય સંકલન સમિતિના પદાધિકારીશ્રીઓ અને મહાનગરના તમામ મોરચાના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સાથે બેઠક યોજી હતી.

ઉલ્લેખનીય છે કે ''સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન''થી રાજ્યના ૮૦૦૦થી વધુ તળાવો ઉંડા કરવાનું કામ આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ચાલી રહ્યું છે. જેનાથી આગામી ચોમાસામાં દરીયામાં વહી જતા પાણીને બચાવી શકાશે. પીવા અને સિંચાઈ માટે વધુ પાણી ઉપલબ્ધ બનશે તથા ભૂગર્ભ જળના તળ ઊંચા આવશે, જેનો લાભ રાજ્યના કરોડો નાગરીકો–ખેડૂતોને મળશે. આ અભિયાનમાં શહેર અને

ગામડાના પ્રત્યેક નાગરીકો જોડાઈને પાતાના ગામ કે શહેરનું તળાવ, ચેકડેમ ઉંડુ કરવાનો સંકલ્પ કરી જળ સંગ્રહના કાર્યમાં સહભાગી બનશે.



